**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# ‘માનું તેડું’ આવી પહોંચતાં પાટનગરને હૈયે હર્ષનો ઉમળકો

**ઉમિયા માતાજીના લક્ષચંડી મહાયજ્ઞની કંકોત્રીનું સે-૧૨મા ઉમિયા મંદિર ખાતે ઉમળકાભર્યું સામૈયું કરાયું : શહેરના પાટીદાર અગ્રણીઓ સહિત શ્રધ્ધાળુઓ ઉમટી પડયાં**







ગાંધીનગર, તા.૧૫

આજે ગાંધીનગર સેકટર-૧૨ ખાતેના શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ખાતે હરખનો અવસર હતો કેમ કે આજે સવારે ૧૧ કલાકે ઊંઝાથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા આયોજિત લક્ષચંડી મહાયજ્ઞની કંકોત્રી ‘માનું તેડું’ આવી પહોંચી હતી. લક્ષચંડી મહાયજ્ઞના મુખ્ય દાતા વરમોડા ગૃપ મોરબીના ચેરમેન ગોવિંદભાઈ વરમોડા, મહાયજ્ઞના પ્રચાર પ્રસાર કન્વીનર દહેગામના પ્રવિણભાઈ પટેલ તથા સહમંત્રી લાલભાઈએ ઊંઝાથી ૧૫ મહિલાઓ સાથે ગાંધીનગર આગમન કર્યું હતું. જેનું સે-૧૨ ઉમિયા માતાજીના મંદિર ખાતે શ્રધ્ધાપૂર્વક વાજતે ગાજતે હર્ષોલ્લાસના માહોલમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

લક્ષચંડી મહાયજ્ઞની ‘માનું તેડું’ કંકોત્રીના આગમનને શહેરના મેયર રીટાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય અને હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન વાડીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરના પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, ખજાનચી ગણેશભાઈ પટેલ, સહમંત્રી મહેન્દ્રભાઈ પટેલ, દિલીપભાઈ, ટ્રસ્ટી રાજુભાઈ, શહેરના ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દાસ, પૂર્વ ડેપ્યુટિ મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર્સ રાકેશભાઈ પટેલ અને પિન્કીબેન પટેલ, એપીએમસીના ચેરમેન અશોકભાઈ વકીલ, મેનેજીંગ ડિરેકટર પ્રહલાદભાઈ,



## ૧૦૮ યજ્ઞકુંડ અને એક લાખ ચંડીપાઠ સાથે લક્ષચંડી મહાયજ્ઞ

ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞમાં ૧૦૮ યજ્ઞકુંડ અને ૧૧૦૦ દૈનિક પાટલા યજમાન સાથે ૧૧૦૦ બ્રાહ્મણો દ્વારા ૧૬ દિવસ સધી દુર્ગા સપ્તશતિના ૭૦૦ શ્લોકોથી એક લાખ ચંડીપાઠની પાયણ કરાશે. ત્યારબાદ યજ્ઞનો પ્રારંભ થશે. તા. ૧૮મી ડિસેમ્બરથી પ્રારંભ થનાર લક્ષચંડી મહાયજ્ઞમાં આહૂતિ રૂપે રૂ. ૨૦૦ અને દૈનિક પાટલા યજમાનના રૂ. ૧૧૦૦ ભરેથી ધર્મલાભ મેળવી શકાશે તેવું ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરના પ્રમુખ ભરતભાઈ પટેલે જણાવ્યું હતું.

●●●●●

## ‘માનું તેડું’ કંકોત્રીનું વિતરણ શરૂ

લક્ષચંડી મહાયજ્ઞની કંકોત્રી ‘માનું તેડું’નું સમાજવાર વિતરણ આજથી જ શરુ કરી દેવાયું છે. સેકટર-૧૨માં ઉમા સમાજ ભવવના કાર્યાલય ખાતેથી દરેક સમાજના પ્રમુખ-મંત્રીએ તેમનાસભ્યોની કંકોત્રી મેળવી લેવા મહામંત્રી ભોળભાઈ પટેલે જણાવ્યું હતું.

એમ.પી. પટેલ લક્ષચંડી યજ્ઞના ગાંધીનગર જિલ્લાના કન્વીનર મુકેશભાઈ પટેલ, કૃભકોના પરેશભાઈ સહિત સંસ્થાના અન્ય તમામ હોદ્દેદારો તથા સભ્યો, શ્રધ્ધાળુઓ વગેરેએ ઉપસ્થિત રહી વધામણા કર્યા હતા. આ સાથે સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ, કચ્છ શહેરી અને ગ્રામ્ય સમાજ, ગાયત્રી પરિવાર તથા જય અંબે પરિવારની ૧૨૧ મહિલાઓએ જય અંબે પરિવારના પ્રમુખ લલિતભાઈની આગેવાની હેઠળ શ્રીફળ-કુંભ સામે ‘માનું તેડું’ કંકોત્રીનું ભવ્ય સામૈયું કર્યું હતું. ગુલાબી સાફામાં સજ્જ શ્રધ્ધાળુઓએ આ પ્રસંગે નયનરમ્ય દૃશ્યો સર્જયા હતા. કંકોત્રીનું ઉમિયા માતાના મંદિરે પૂજન કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે લક્ષચંડી મહાયજ્ઞની ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની કંકોત્રીઓ આવી પહોંચી હતી જેને તાલુકા વાઈઝ મોકલી અપાતા ચારેય તાલુકા ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ ખાતે પણ ભવ્ય સામૈયાં કરાયા હતા. સે-૧૨ ખાતેના શ્રી ઉમિયા માતાજી સંસ્થાન પરિવારના પ્રમુખ ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, મહામંત્રી ભોળાબાઈ પટેલ, ખજાનચી ગણેશભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રભાઈ પટેલ તથા દિલીપભાઈ પટેલ, ટ્રસ્ટી રાજુભાઈ, એમ.પી. પટેલ, સતિષભાઈ પટેલ સહિત મહિલા સમિતિએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સામૈયા બાદ ભકિતમય માહોલમાં ભોજન-પ્રસાદનું આયોજન કરાયું હતું.

## આજે હવેલી ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

આજે હવેલી ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા સવારે ૯ વાગ્યે સે-૧૨ સ્થિત આંબેડકર ભવન ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ નવી નિમણુંક પામેલા સરકારી કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે. સંસ્થાના પ્રમુખ પી.બી. શ્રીમાળી દ્વારા શહેરમાં વસવાટ કરતાં સમાજના પરિવારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## કુડાસણ ખાતે નિઃશુલ્ક જયોતિષ માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓરા સ્કેનર મશીન દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિથી સાત ચક્રો બેલેન્સીંગ જયોતિષીય કેમ્પ વિના મૂલ્યે યોજાશે. આ કેમ્પ સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ દરમિયાન દુકાન નં. ૧૨૧ હરિગોલ્ડ એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. યોજાનાર કેમ્પમાં માનવ શરીરની અંદર રહેલા સાત ચક્રો તથા નવ ગ્રહો કેટલા એકિટવ છે અને બોકજ છે તે ઓરા સ્કેનર મશીન દ્વારા જણાવાશે. સંસ્થા દ્વારા શહેરની જનતાને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

## સેકટર-૭-ડીની શહેરીજન સંસ્થા તથા નિવૃત્ત અધિકારી મંડળની રવિવારે સામાન્ય સભા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સેકટર-૭-ડીની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭મી નવેમ્બરના રોજ બપોરે ત્રણ કલાકે પ્રમુખ સુમંતભાઈ એમ. શાહના અધ્યક્ષસ્થાને ચૌધરી કેળવણી સંકુલમાં હોલમાં યોજાશે. બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે ૨૬ જેટલા તેજસ્વી તારલાઓનું સન્માન અને અમૃત મહોત્સવ નિમિત્તે ૯ વરિષ્ઠ પેન્શનર મહાનુભાવોનું સન્માન કરવામાં આવનાર છે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ડેપ્યુરી મેટર નાઝાભાઈ ઘાંઘર, નગરસેવક કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર, અગ્રણી બિલ્ડર વિક્રાંતભાઈ પુરોહિત ઉપસ્થિત રહેશે. વાર્ષિક સભામાં હિસાબો રજુ કરાશે તેમજ સાંપ્રત સમસ્યાની ચર્ચા વિચારણા કરવામાં આવશે.

## શહેરમાં વોડાફોન-એરટેલના નેટવર્ક ડાઉન

ગાંધીનગર, તા.૧૫

આજના ટેકનોલોજીના યુગમાં મોબાઈલ ફોન સાથે ઈન્ટરનેટ વગર કોઈને ચાલતું નથી. બાળકથી લઈ મોટા દરેક ફોન વગર આજે ચલાવી નથી શકતા જેમાં નેટવર્ક ઘણું મહત્વનું છે. પરંતુ ટોચની ટલિકોમ કંપનીઓના નેટવર્કની ખોટ શહેરીજનોને વર્તાઈ રહી છે.

શહેરમાં હાલ વોડાફોન અને એરટેલ ટેલિકોમ કંપનીના સીમ કાર્ડધારકોની ફરિયાદ છે કે ફોન કનેકટ થઈ જ નથી રહ્યાં. આ બને કંપનીના નેટવર્કની શહેરમાં ઉણપ વર્તાઈ રહી છે. વળી મેસેજ વોડાફોન ટુ વોડફોન કે એરટેલ ટુ એરટેલ પણ કોલ કનેકટ નથી થઈ રહ્યા. બીજુ બાજુ વોડાફોને આઈડિયા સાથે મર્જ કરતાં વોડાફોનનું નેટવર્ક સાવ ઠપ્પ થઈ ગયું છે. એક બાજુ જાહેરાતો જોવા મળી રહી છે કે વોડાફોન પહોંચશે દરેક ગામમાં પરંતુ શહેરમાં જ નેટવર્કના ફાંફા પડી રહ્યા છે. ગામમાં તો નેટવર્ક દુર ગાંધીનગરના સેકટરોમાં કયાંય નેટવર્ક નથી. એરટેલ કંપની હાલમાં જ હાઈસ્પીડ ડેટા આપવાની જાહેરખબરો આપી રહ્યું છે પણ નેટવર્ક વગર ડેટાનું શું કામ? શહેરીજનો હાલ આ બંને ટેલિફોન કંપનીના નેટવર્કના લીધે ફોન ડીસકનેકટીવીટી અનુભવી રહ્યા છે.

## શહેરમાં બે વાહનચોરીના બનાવો નોંધાયા

ગાંધીનગર, તા.૧૫

પ્રાપ્ત માહીતી મુજબ વિશાલ બળદેવભાઈ પરમાર (ઉં.વ.૨૪ રહે. ઓળા ગામ સજાવટ પાર્ટી પ્લોટ પાછળ) ટોરેન્ટ ફાર્મા કંપની ખાતે પેકીંગ વિભાગમાં ફરજ બજાવે છે. વિશાલ પોતાની માલિકીનું પલ્સર બાઈક નં.જી.જે.૧૮.ડી.એફ.-૩૫૨૪ લઈને ગત તા. ૧૨ નવેમ્બરના રોજ પોતાના ભાડુઆત ખુશ્બુબેન મંજીતભાઈ વોરા ગાંધીનગર સિવિલ એડમીટ હોવાથી ખબર કાઢવા માટે આવ્યા હતા. ત્યારબાદ સાંજે ટીફીન લેવા માટે ઘ-૫ ખાતે ગયા હતા, ત્યાંથી રાત્રીના પોણા આઠ વાગ્યાના અરસામાં પરત ફરીને બાઈક તાત્કાલીક વિભાગની સામે ગાર્ડન પાસે પાર્ક કરીને ટીફીન આપવા માટે ગયો હતો અને રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં પરત આવીને જોયું તો સ્થળ પર બાઈક ન હતું. આસપાસના વિસ્તારમાં પોતાની રીતે તપાસ કરવા છતા આજદિન સુધી બાઈક ન મળતા યુવકે બાઈક ચોરી અંગે સે-૭ પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં અમદાવાદ નરોડા શ્રેયાંસનાથ પ્રભુ સોસાયટી વ્યાસવાડી પાસે મકાન નં.૧૮૮-૧૮૯ ખાતે રહેતા અમિત કુમાર બંસીભાઈ વાળંદ ખાતે રહે છે અને પસુંજ ખાતે બ્રાંચ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવે છે. અમિતભાઈ પોતાનુ સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૧.પી.એફ.-૬૬૪૫ લઈને ગત તા.૭ ના રોજ આશરે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ગાંધીનગર નજીક આવેલા રતનપુર ગામે મિત્ર પરેશસિંહ બિહોલાના દિકરાની બાબરી અને ફુલોના ગરબા પ્રસંગે બાઈક લઈને આવ્યો હતો અને પરેશસિંહના ઘર પાસે બાઈક પાર્ક કર્યું હતું. ત્યારબાદ ગરબા જોઈને રાત્રીના સાડા અગીયાર વાગે પરત ફર્યો હતો તે સમયે બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. જેને પગલે આસપાસમાં બાઈક અંગે તપાસ કરી તેમ છતા આજદિન સુધી મળી આવ્યું નથી. જેને પગલે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બાઈક ચોરને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

## ગાંધીનગરથી અરણેજ બુટબવાની મંદિર જતી બસ ફરીથી શરુ કરવા પ્રવાસીઓની માંગ

ગાંધીનગર, તા.૧૫

શહેરના એસ.ટી. બસ ડેપોથી જિલ્લામાં પ્રવાસ માટે તથા ગુજરાત ભ્રમણ કરવા માટે સમયાનુસાર સરકાર દ્વારા એસ.ટી. બસની વ્યવસ્થા નાગરિકો માટે કરવામાં આવી છે ત્યારે ગાંધીનગરથી અરણેજ જતી બસ અચાનક બંધ કરાતા પૂનમ ભરવા જતા પ્રવાસીઓને તકલીફ પડી રહી છે.

ગાંધીનગર ડેપોથી ઉપડતી ગાંધીનગરથી અરણેજ બુટભવાની જતી બસ અચાનક બંધ કરી દેવાથી પ્રવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરથી અરણેજ જતી બસ બંધ કરાતા તે રૂટમાં આવતા રહીશો દર પૂનમે અરણેજ તથા ચોથના દિવસે ગણેશપુરા ગણપતિ મંદિરે દર્શન કરવા જતા હતા તથા શહેરમાં સરકારી કે વ્યવહારિક કામે આવતા જતા રહેતા પરંતુ આ રૂટની બસ સેવા બંધ કરાતા તેઓ મુસાફરી કરી શકતા નથી. પ્રાઈવેટ વાહનના ડબલ ભાડા તેમને પોસાતા નથી એમ તેમનું કહેવું છે. આ રૂટ પર મુસાફરી કરતા પ્રવાસીઓ દ્વારા ગાંધીનગરથી અરણેજ બુટ ભવાની મંદિર જતી બસ ચાલુ કરવાની માંગ ઉઠવા પામી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા સમૂહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ શાખા દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ ૨૫ બટુકો માટે છઠ્ઠા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૫ ફેબ્રુઆરીએ સાંજે ૫ કલાકે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજા દિવસે સવારે ૬ વાગ્યાથી ૧૫ બટુકોને શાસ્ત્રોકત વિધિ બ્રાહ્મણો તથા વિદ્યાન આચાર્ય સાથે સમુહમાં યજ્ઞોપવિતની વિધી કરાવવામાં આવશે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ બટુકને યજ્ઞોપવિત ધારણ કરાવવાની ઈચ્છા હોય તેમણે સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ ૯૮૯૮૦૩૨૬૫૯ તથા કારોબારી સભ્યોનો સંપર્ક કરવા અથવા બ્રહ્મભવન સે-૧૬ ખાતે નામ નોંધાવી તા. ૩૧ ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરી પરત કરવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ દ્વારા જણાવાયું છે.

# શહેરમાં પર્યાવરણ જાગૃતિ અંગે રેલી યોજાઈ

**જલ-વાયુ પરિવર્તનના દુષ્પરિણામોથી બચવા પ્રદૂષણ અટકાવવા જનજાગૃતિનો પ્રયાસ કરાયો : ઘ-૫ થી ચ-૫ સુધીની રેલી બાદ વિદ્યાર્થીનીઓએ રાજયપાલની મુલાકાત લીધી**








ગાંધીનગર, તા.૧૫

વિશ્વભરનાં પર્યાવરણમાં ઉથલપાથલ મચી છે. જેમાં જલ-વાયુ પરિવર્તન એટલે કે કલાઈમેટ ચેન્જની ભયાનક અસરો માનવજાત સમક્ષ પડકાર બનીને ઉભરી રહી છે. કયાંક વિનાશક વાવાઝોડાં ફુંકાઈ રહ્યા છે તો કયાંક કમોસમી વરસાદ સાથે કરા વરસી રહ્યાં છે, કયાંક જંગલોમાં દાવાનળ ફાટી નીકળ્યાં છે તો કયાંક શહેરોમાં પાણી ઉભરાઈ રહ્યા છે. માનવીએ પ્રકૃતિનો બેજવાબદારી પૂર્ણ દુરૂપયોગ કર્યો છે જેના દુષ્પરિણામો આવનારી પેઢીએ ભોગવવા પડશે જો કે નવી પેઢી પર્યાવરણ પ્રત્યે વધુને વધુ જાગ્રત થઈ રહી છે તે એક આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. આજે ગાંધીનગરમાં વિદ્યાર્થીનીઓ દ્વારા જલ-વાયુ પરિવર્તન અંગે નાગરિકોને જાગૃત કરતી જાગૃતિ રેલી ઘ-૫ થી ચ-૫ સર્કલ સુધીની યોજવામાં આવી હતી. ત્યારબાદ આ વિદ્યાર્થીનીઓએ રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લીધી હતી અને પર્યાવરણના જતન અંગે તેમના વિચારોની રજૂઆત કરી હતી.

વડોદરાની સંસ્થા ‘સ્વર્ણ ભારત’ દ્વારા આયોજિત આ પર્યાવરણ જાગૃતિ રેલીમાં વિદ્યાર્થીનીએ વિવિધ બેનર્સ અને પ્લેકાર્ડ દ્વારા પર્યાવરણને બચાવવા જરુરી માહિતીસભર સુત્રો તથા ચિત્રો પ્રસ્તુત કર્યા હતા. વડોદરાના ડભોઈ રોડ પરની શ્રી વિદ્યાલયની આ વિદ્યાર્થીનીઓ સાથે સંસ્થાના હોદ્દેદારોએ જાગૃતિ રેલી બાદ રાજયપાલ સાથે મુલાકાત કરી હતી. રેલી દરમિયાન નાગરિકોની જાગૃતિ માટે સુત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા અને પ્રદુષણને અટકાવવા માંગ કરી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**મરજાવા**
૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૫, ૪.૧૦, ૭.૦૫, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૧.૪૦, ૭.૨૦
**બાલા**
૧૦.૧૫, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**હાઉસફૂલ-૪**
૪.૨૫, ૧૦.૦૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**મરજાવા**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**મોતીચુર ચકનાચુર**
૪,૨૫, ૧૦.૧૫
**મિસ્ટર કલાકાર (ગુજરાતી)**
૧૧.૩૫
**બાલા**
૯.૦૦, ૨.૧૦, ૪.૫૫, ૭.૪૦, ૧૦.૨૫
**હાઉસફૂલ-૪**
૧.૨૫, ૭.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૧૧.૫૫, ૨.૩૦, ૭.૫૫, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૩.૧૫, ૧૦.૦૦
**મીસ્ટર કલાકાર**
૫.૪૫
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૨.૩૦, ૯.૪૫, ૧૧.૪૫, ૬.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## આઈટીઆઈ ગાંધીનગર ખાતે ટૂંકા ગાળાના તાલીમી કોર્સમાં પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સ્કીલ ડેવલપમેંટ મિશનનાં માધ્યમથી મહિલા આઈટીઆઈ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે બહેનો માટે NSQF કક્ષાનાં ટૂંકા ગાળાનાં તાલીમી કોર્સ વિનામૂલ્યે શરૂ કરવામાં આવનાર છે. સુઈંગ મશીન ઓપરેટર (ધોરણ ૫ પાસ) તેમજ હેર સ્ટાઈલીસ્ટ (ધોરણ ૮ પાસ) માટે મંજૂર કરવામાં આવેલ બેઠકો માટે હાલમાં પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ૩૦ નવેમ્બર સુધી સંસ્થા ખાતે જરૂરી ડોક્યુમેંટ સાથે રૂબરૂ ઓફલાઈન પ્રવેશફોર્મ ભરી જવાનું રહેશે. વધુ માહિતી માટે ઈચ્છુક ઉમેદવારોએ સંસ્થા ખાતે રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું છે.

## રવિવારે દિવ્ય જીવન સંઘની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૫

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાળાની વાર્ષિક સામાન્ય સભા ૧૭ નવેમ્બરના રોજ સવારે ૮.૩૦ વાગ્યે શાખા કાર્યાલય પ્લોટ નં. ૧૬૬૦/૧, સે-૨-ડી ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાના સર્વે સભ્યોને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઈશ્વરજી ભીખાજી સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. પરમાર કંકુબેન કાળીદાસ, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર મંગુબેન સેંધાજી, ઉ.વ. ૮૦
- સ્વ. કાન્તીલાલ પરસોત્તમભાઈ જોશી, ઉ.વ. ૬૭
- સ્વ. દમયંતીબેન નરહરીલાલ અલમોલા, ઉ.વ. ૯૫